મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૨ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૧૪માં એક જ રાતમાં ૪ ઘરફોડ

સે-૧૪ માં એક મકાન અને બે દુકાનનાં તાળા તુટ્યા : વાવોલમાં એક દુકાનનું તાળુ તુટ્યુ : બે દિવસ પહેલા સે-૭ ડીમાં બે મકાનોનાં તાળા તુટ્યા હતા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં તસ્કરો પુનઃ સક્રિય થતાં વસાહતીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. બે દિવસ પહેલાં સેક્ટર-૭ ડી માં એક ઘરફોડ ચોરી થવા પામી હતી. તો બીજી તરફ ગઈ કાલે એક જ રાતમાં ચાર ચાર જગ્યાએ મકાન-દુકાનોનાં તાળા તૂટતા શહેર પોલીસના નાઈટ પેટ્રોલિંગ ઉપર સવાલો ઉભા થઈ રહ્યા છે. રાત્રી દરમિયાન સક્રિય થયેલા તસ્કરોએ સેક્ટર-૧૪ ખાતે એક નિવૃત અધિકારીના બંધ મકાનને ટાર્ગેટ કર્યું હતું. મકાનમાં હાથફેરો કર્યા બાદ સેક્ટર-૧૪માં જ આવેલી બે દુકાનના શટર તોડ્યા હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી છે. તો બીજી તરફ વાવોલ ગામનાં શાંતિનગર કોમ્પલેક્સમાં પણ તસ્કરોએ રાત્રે એક દુકાનને ટાર્ગેટ કરી હાથફેરો કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે સેક્ટર-૭ પોલીસ મથકમાં મકાનમાં થયેલી ઘરફોડ મામલે ગુનો દાખલ થયો હોવાનું રેકર્ડ પર છે.

મળતી વિગત મુજબ બે દિવસ પહેલાં સેક્ટર-૭-ડી ખાતે જાણીતા સાહિત્યકાર સુમનભાઈ શાહના મકાનને તથા તેમના પડોશી ના મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવી હાથફેરા કર્યા હોવાની વિગત ધ્યાને આવી હતી. જો કે આ મામલે પોલીસ ફરિયાદ થવા પામી ન હતી. તો બીજી તરફ ગઈ કાલે રાત્રે સેક્ટર-૧૪ બી માં પ્લોટ નંબર ૧૨૮/૨ ખાતે બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો મોટો હાથફેરો કરી ગયા હોવાનું બહાર આવ્યું છે. વર્ષ ૨૦૧૧માં નવા સચિવાલયના મહિલા અને બાળ વિકાસ વિભાગમાંથી નિવૃત્ત થયેલા ૬૫ વર્ષીય મકાનમાલિક જશુભાઈ મંગળદાસ પરમારનાં મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. જશુભાઈ તેમના સે-૧૪ના મકાનને તાળુ મારીને વીસેક દિવસ પહેલા તેમના પત્ની દીનાબેન અને નાનો પુત્ર વિપુલને લઈને અમદાવાદ રખિયાલ ખાતે રહેતા તેમના મોટા દીકરાના ઘરે રહેવા ગયા હતા. દરમિયાન આજે સવારે તેમના પડોશી રેવાબેન સોલંકીનો ફોન જશુભાઈના પત્ની દીનાબેન ઉપર આવ્યો હતો અને કહ્યું હતું કે સેક્ટર-૧૪ ખાતેના તેમના બંધ મકાનનું તાળુ તૂટેલી હાલતમાં છે અને દરવાજા ખુલ્લા છે. ઘરે જઈને તપાસ કરી તો ખબર પડી કે તસ્કરો રાત્રિ દરમિયાન હાથફેરો કરી ગયા હતા. મકાનમાં ઘુસી ને તસ્કરોએ સોનાની ચેઈન, શેર, ચુની, ચાંદીની પાયલ, ઝુડો, સિક્કા સહિતના સોના-ચાંદીના દાગીના તિજોરીમાંથી ચોરી લીધા હતા. તે ઉપરાંત મંડળીની કામગીરી કરતા હોવાથી તિજોરીમાં મુકેલા મંડળીનાં ૩.૨.૫૦ લાખ, સાડીનો વ્યવસાય કરતા હતા તેના મુકેલા ૩.૭૦ હજાર તથા બચતનાં રોકડ ૧૮ હજાર મળી કુલ રોકડ ૩.૩,૩૮,૦૦૦ તસ્કરો ઊઠાવી ગયા હતા. રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરો મકાનમાંથી રોકડ તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ ૩.૩,૭૫,૭૦૦ની કિંમતની મતા સાફ કરી રફુચક્કર થઈ ગયા હતા. મકાન માલીક જશુભાઈ પરમારની ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત બોલાવી તસ્કરો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે. તો બીજી તરફ સે-૧૪ની શોપિંગમાં જ અન્ય બે દુકાનોના તાળા તુટ્યા હોવાનુ જાણવા મળ્યુ છે. સેક્ટર-૧૪ ખાતે આવેલી શોપિંગમાં ભવાની સ્ટેશનરી એન્ડ જનરલ સ્ટોર તથા તેની બાજુની આવકાર મેડિકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર નામની બંને દુકાનોના શટર ઊંચા કરી ચોરી નો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જોકે કોઈ મોટી માલમિલકત ગઈ ન હોવાથી પોલીસ ફરિયાદ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. તે ઉપરાંત વાવોલ ગામના શાંતિનગર કોમ્પલેક્સમાં પણ એક દુકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવી ચોરીનો પ્રયત્ન કર્યો હતો. જો કે ત્યાંથી પણ કોઈ મોટી માલમિલકત તસ્કરોના હાથમાં લાગી ન હતી.

@ગાંધીનગર

● ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરની બેઠક સવારે ૧૧.૩૦ કલાકે નગરપાલિકા ભવન સે-૧૧ ખાતે મળશે.

● સહકાર કોલોની સે-૨૫ ખાતે ગણેશ મહોત્સવમાં સાંજે ૭ કલાકે હિન્દી ફીલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે.

● મોઢ વણિક મોદી સમાજ દ્વારા વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સત્સંગ ભવન સ્વામિનારાયણ ગુરુકુલ સે-૨૩ ખાતે યોજાશે.

● શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા સાંજે ૮.૩૦ કલાકે રાસ ગરબા કાર્યક્રમ શ્રી મહાકાળી માતાજીનું મંદિર, પરંપરા ગાર્ડન રેસ્ટોરન્ટ સામે યોજાશે.

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ ખાતે ગણેશ મહોત્સવમાં મહા ગણેશ યાગ (૧૦૦૮ લાડુ) સવારે ૮.૩૦ કલાકે યોજાશે અને શ્રીફળ સાંજે ૪.૩૦ કલાકે હોમાશે.

● સત્યમેવ રોયલ કમિટી અને સત્યમેવ રોયલ પરિવાર દ્વારા ગણેશ ઉત્સવમાં સવારે ૧૦ કલાકે ચિત્ર સ્પર્ધા અને નિબંદ સ્પર્ધા સાંજે ૫ કલાકે રમત ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨-સી ખાતે માહિતી ખાતુ ગુજરાત રાજય દ્વારા હાસ્ય દરબારનો કાર્યક્રમ રાત્રે ૯ કલાકે ગણેશ ચોક રીંગરોડ ખાતે યોજાશે.

● સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવમાં કલરવની મસ્તી કાર્યક્રમ ૮.૩૦ વાગે સે-૨૨ રંગમંચ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર અને સોમનાથ મહાદેવ મંદિર સમિતિ આયોજીત ગણેશ મહોત્સવમાં હાસ્ય કલાકાર પ્રફુલભાઈ હિંગુનો કાર્યક્રમ રાત્રે ૮.૩૦ કલાકે સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન સે-૧૬ ખાતે યોજાશે.

● અટલજીની પ્રથમ માસિક પુણ્યતિથિ પર સાંજે ૪.૩૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે-૧૭ ખાતે કાવ્યાંજલિનો કાર્યક્રમ યોજાશે.

નર્સિંગ કોલેજ ખાતે ફુડ હાઈજીન સેમિનાર યોજાયો

ગાંધીનગરની નર્સિંગ કોલેજ ખાતે તાજેતરમાં ફુડ હાઈજીન સેમિનાર યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી. એસોસિએટ પ્રો. કલપવાણીના માર્ગદર્શન અંતર્ગત આયોજિત આ સેમિનારમાં કડી સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ ઉપરાંત કુસુમબેન, સંજયભાઈ, ફિઝિયોથેરેપી કોલેજના પ્રિન્સિપાલ કે. વેત્તિયનાથન, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલ, કેમ્પસ ડાયરેક્ટર આર.જે. વ્યાસ સહિત પ્રાધ્યાપક ગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એમએસસીના વિદ્યાર્થીઓએ કર્યું હતું.

શુક્રવારે શહેરમાં તાજીયા જુલુસ નીકળશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં આગામી તા. ૨૧-૯-૧૮ ચાંદ-૧૦ને રોજ 'મોહર્રમ' તાજીયાનો જુલુસ ભવ્ય મેદની સાથે સેક્ટર-૨૯, હુસૈની ચોક થી ઘ-૬, જયાં સે-૨૪ના તાજીયા તથા ચરેડી સે-૨૮ના તાજીયા ભેગા થી ઘ-૫, ચ-૫ તરફ ફરશે જયાં ઠેર ઠેર મોહર્રમ કમિટી દરમિયાન પરબ (છબીલ), ઠંડા-પીણા, નાસ્તો, અખાડા, ઢોલ-તાસા તથા રોઝદારો માટે સાંજના ટાઈમે રોઝો ખોલાવવાની વ્યવસ્થા સાથે રહેશે. પછી સે-૩૦ થી સાબરમતીના માર્ગ, હુસૈની ટેકરી, બડીદરગાહ પર આખરી વિસર્જન કરવામાં આવશે તેવું મોહર્રમ કમિટિના પ્રમુખ હનીફભાઈ શેખે જણાવ્યું છે.

ગાંધીનગર ખાતેના બીએસએફ કેમ્પસમાં તા. ૧લીથી ૧૫મી સપ્ટેમ્બર દરમિયાન રાષ્ટ્રભાષા હિન્દી પખવાડિયાની ઉજવણીનું આયોજન કરાયુ હતું. જેમાં બીએસએફના અધિકારીઓ તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તેના વિજેતાઓને ઈનામો વડે સન્માનવામાં આવ્યા હતા. હિન્દી પખવાડિયાના સમાપન પ્રસંગે ઉપસ્થિત ગુજરાત બીએસએફના મહાનિરીક્ષક જી.એસ. મલિકે વર્ષ ૨૦૧૭-૧૮માં રાષ્ટ્રીય કક્ષાએ ગાંધીનગર બીએસએફને રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર-પ્રસારમાં વિજેતા જાહેર કરવામાં આવ્યું છે તેવું જણાવી અભિનંદન પાઠવ્યા હતા.

સે-૩-ડી ગણેશ મહોત્સવમાં રાજલ બારોટના ગરબાની ધૂમ

સેકટર-૩-ડી ખાતે યુવક મિત્ર મંડળ આયોજિત ગણેશ મહોત્સવમાં પ્રથમ દિને રાજલ બારોટના રાસ ગરબા યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ ભાગ લીધો હતો.

જે.એસ. વિદ્યામંદિર રાંધેજામાં રાષ્ટ્રીય એકતા નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

જે.એસ. પટેલ વિદ્યામંદિર રાંધેજા ખાતે 'રાષ્ટ્રીય એકતા અને સામુદાયિક સંવાદિતતા' વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ નંબરે ચૌહાણ રિદ્ધિબેન જગાજી, દ્વિતિય ક્રમે શ્રીમતી કે.કે. પટેલ વિદ્યાલય કોલવડાના ચાવડા નેહલબેન અને તૃતીય નંબરે આર.જી. કન્યા વિદ્યાલયની પાટીલ માધવી ડી. આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એ.બી. નાયકે કર્યું હતું.

આઈટીઆઈના વિદ્યાર્થીઓને ઓઝોન લેયરની સુરક્ષા અંગે માહિતગાર કરાયા

ગાંધીનગર, તા.૧૫

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૬મી સપ્ટેમ્બર-ઓઝોન દિવસને અનુલક્ષીને ઉજવણીના ભાગરૂપ આજે જેડાના કલાયમેટ ચેન્જ વિભાગના સહયોગથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આઈ.ટી.આઈ. સે-૧૫, ગાંધીનગરના રેફ્રીજરેશન, એરકન્ડીશન અને ઈલેક્ટ્રોનિકસ ટ્રેડના વિદ્યાર્થીઓ માટે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સ્મિતાબેન પરીખ પ્રોગ્રામ ઓફીસર-ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, હેમંતભાઈ સુથાર નિવૃત્ત સહાયક વન સંરક્ષક વન વિભાગ ગાંધીનગર, નારણભાઈ પટેલ કિર્તી રેફ્રીજરેશન-અમદાવાદ, રાહુલભાઈ ભટ્ટ-કિર્તી રેફ્રીજરેશન, નીલમ પી. ચાવડા-ઈન્સ્ટ્રકટર આઈ.ટી.આઈ. સે-૧૫, લતા એસ. મેનન-ઈન્સ્ટ્રકટર આઈ.ટી.આઈ અને ડૉ. અનિલભાઈ પટેલ-મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર ઉપસ્થિત રહ્યા હતા.

હેમંતભાઈ સુથારે તેમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને ઓઝોન પડમાં ગાબડા પડવાના કારણો વિશે વિગતવાર ચર્ચા કરી હતી તેમજ ઓ.ડી.એસ. પદાર્થો અને કલોરો ફલોરો કાર્બન ગેસ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. ઓઝોન વાયુની અસરથી થતા વિવિધ રોગો વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. નારણભાઈ પટેલે વિદ્યાર્થીઓને રેફ્રીજરેશન અને એરકન્ડીશનમાં ઉપયોગી ઓઝોન વાયુ અંગે ટેકનીકલ સમજ આપી હતી. રાહુલભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને વિદેશમાં વપરાતી ટેકનોલોજી અને ભારતની ટેકનોલોજી વિશેની ભેદરેખા સમજાવી હતી.

ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને ઓઝોન પડ બચાવવા આપણી ભૂમિકા વિશે વિગતવાર ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં આઈ.ટી.આઈ.ના ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ અને ૫ જેટલા ઈન્સ્ટ્રકટર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં આઈટીઆઈ સે-૧૫ના ગંગાબેન દ્વારા સહકાર આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગના હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

પેથાપુરમાં ઋષિ બાપાની શોભાયાત્રા

ગાંધીનગર, તા.૧૫

પેથાપુર ખાતે વાલ્મિકી સમાજ પરિવાર તરફથી ઋષિ બાપાની જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. જે અંતર્ગત પેથાપુરમાં શોભાયાત્રા ખુબ જ હર્ષોલ્લાસથી કાઢવામાં આવી હતી. ગામના અગ્રણી ગજેન્દ્રભાઈ વાઘેલા જેઓ શિક્ષણ કમિશનરની ઓફિસમાંથી સિનિયર કલાર્ક તરીકે નિવૃત્ત થયેલ છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પેથાપુર ખાતે મોટી બજારમાં નથુભાઈ દરજી પરિવાર, તરપોજમાં નિલકંઠા વિલા શોપીંગ સેન્ટર, અલકમ પાર્લર શામાભાઈ દવે પરિવાર તરફથી શરબત, પાણી, આઈસ્ક્રીમની પ્રસાદી આપવામાં આવી હતી અને શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંગીતા પી. મકવાણા, જીતેન્દ્ર પી. મકવાણા, અને ગજેન્દ્રભાઈ વાઘેલાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા તથા પરસોત્તમભાઈ બી. મકવાણાએ આભારવિધિ પ્રગટ કરી હતી.

સમર્પણ ધ્યાન યોગમાં ૧૮૨ જવાનોએ યોગ કર્યા

ગાંધીનગર, તા.૧૫

શ્રી શિવકૃપાનંદ સ્વામી આશ્રમ ટ્રસ્ટ, નવસારી દ્વારા ઘોષિત ૨૦૧૮ રક્ષક વર્ષ નિમિત્તે આજરોજ ગાંધીનગર ખાતેના બલરામ મંદિર ખાતે પોલીસ અધિકારીશ્રી ગુર્જર, શ્રી જાખર અને શ્રી હેતબેન લોખીલના હસ્તે દિપ પ્રાગટ્ય કરી "રક્ષકો માટે ધ્યાન" વિષય ઉપર પ્રેઝન્ટેશન થકી સમર્પણ ધ્યાન યોગ ઉપર દિપ્તી લેઉવાએ સમજાવ્યું અને યોગાચાર્ય લલીત મકવાણા દ્વારા પતંજલી યોગ પ્રેરિત યોગની સમજ, નિર્દેશન દ્વારા સમજ આપવામાં આવી હતી.

રાજય સરકારના સુરક્ષા સાથે સંલગ્ન તમામ અધિકારી અને કર્મચારીઓ માટે નિઃશુલ્ક સમર્પણ ધ્યાન યોગ દ્વારા નિયમિત અભ્યાસથી વ્યસન, હતાશા, નિરાશા જેવી નકારાત્મક વાતોમાંથી મુક્ત થઈને સ્વસ્થ, પ્રસન્ન અને સુખી જીવન જીવી શકાય અને જીવનના પ્રત્યેક કાર્ય પર સકારાત્મક અસર દેખાય, શારીરિક અને માનસિક તંદુરસ્તીમાં વધારો થાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે. રોજની ૩૦ મીનીટ પોતાના જ માટે વાપરી નિયમીત ધ્યાનનો અભ્યાસ કરવાથી જીવનમાં બદલાવ આવે છે તે અંગેનો પ્રેક્ટીકલ અનુભવ કરાવાયો હતો. આ યોગના પગલે સકારાત્મક બદલાવ આવી શકે છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૭માં આવેલ ચેતક કમાન્ડો અને સ્ટેટ રીઝર્વ પોલીસ ફોર્સ ૧૨ના ૧૭૦ મળી કુલ ૧૮૨ જવાનોએ ભાગ લીધો હતો. ગાંધીનગર સમર્પણ ધ્યાનયોગના આચાર્ય ડૉ વિપુલભાઈ લેઉવા, આચાર્યા બિનલબેન જાની, લીના લેઉવા, બંસી સોનપાલ અને ચંદ્રગુપ્ત અટારા અને સમર્પણ ટીમે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આદર્શ નિવાસી અનુ. જાતિ કુમાર શાળાએ હિન્દી દિન ઉજવ્યો

આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર) સેકટર-૮ ગાંધીનગર ખાતે ૧૪મી સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રભાષા હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૪૯ની ૧૪મી સપ્ટેમ્બરના રોજ હિન્દીને રાષ્ટ્રભાષાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રભાષા કોને કહેવાય તેનું મહત્વ, સ્થાન અને લોકપ્રિયતા અને અન્ય ભાષા સાથે તેની તુલનાની વાત સમજાવવામાં આવી હતી. ધો-૯ અને ૧૧ના કુલ ૧૧ વિદ્યાર્થીઓએ કાર્યક્રમની સુંદર રજુઆત કરી હતી. હિન્દી શિક્ષક ડી.એ. પટેલે હિન્દી વ્યંગ્ય હાસ્ય રચનાઓનું પઠન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફનો સુંદર સહયોગ સાંપડયો હતો. કાર્યક્રમની આભારવિધિ કુ. હસુમતિબેન શાહે કરી હતી જયારે આચાર્ય જી.કે. સોલંકીએ આ કાર્યક્રમ માટે પ્રેરણા પુરી પાડી હતી.

ચિરવિદાય

- સ્વ. બબુબેન શકરાભાઈ સોલંકી, ઉ.વ. ૭૦
- સ્વ. રાણા વજુબા બળદેવજી, ઉ.વ. ૮૫
- સ્વ. જગતસિંહ મુલચંદ રૂપારેલ, ઉ.વ. ૯૦
- સ્વ. લાડુબેન સરતાનભાઈ દેસાઈ, ઉ.વ. ૧૦૦
- સ્વ. દિલીપસિંહ ગોબરસિંહ ચંપાવત, ઉ.વ. ૫૩